# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ
### પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫ રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮ કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ:૧ 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ', ચતુર્થ આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા પાંચ પ્રસંગો જરૂરી છે.**

**૧. હરિભક્તો માટે ન્યોછાવર થયેલ સ્વામીશ્રી :**

| | | |
|---|---|---|
| ૧ | દૃષ્ટિ ગુમાવેલા ઠાસરાના મણિભાઈ પાસે જઈ તેમના માથે હાથ ફેરવ્યો. | ૫૧ |
| ૨. | અમદાવાદ મંદિરમાં વૃદ્ધ નારાયણભાઈ પાસે દાદરામાં જ બેસી ખબર અંતર પૂછ્યા. | ૫૧ |
| ૩. | હાર્ટએટેક આવેલી સ્થિતિમાં આચાર્ય સ્વામીને બે સંતોને આણંદ ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં પારાયણમાં જવાની આજ્ઞા. | ૫૧ |
| ૪. | ગોંડલમાં ગામડાના જૂના અને ગરીબ હરિભક્ત નાનજી આતાને નીચા નમીને પગે લાગ્યા. | ૫૧ |
| ૫. | શિવાભાઈએ (ઓડવાળા) મળવા પાટ ઉપરથી ઉતરી સ્ટેજની કોરે નીચે બેસીને ખબર અંતર પૂછ્યા. | ૫૨ |
| ૬. | ભાવનગરમાં ચીમનભાઈ પટેલને ચાલીને મળવા જવા તૈયાર. | ૫૨ |
| ૭. | જીટોડિયામાં નિષ્ઠાવાન હરિભક્ત ઈશ્વરભાઈના અંત સમયે ત્યાં પહોંચી જઈ બળની વાતો કરી. | ૫૨ |
| ૮. | સાંકરીના સોમાભાઈ પટેલના નોકર લલ્લુની ખબર કાઢવા ગયા ને કોઠારી પ્રભુસ્વરૂપ સ્વામીને કરેલી ભલામણ. | ૫૨-૫૩ |
| ૯. | કલકત્તાના રાજેન્દ્ર અજમેરાની અંતિમવિધિમાં જોડાઈ બોલ્યા. 'અમારો ને એનો આત્મા એક થઈ ગયો.' | ૫૩ થી ૫૫ |
| ૧૦. | મુંબઈના દોલતભાઈની માંદગી સમયે ગોંડલથી પ્લેન દ્વારા મુંબઈ પહોંચી તેઓને અંતકાળે દર્શન દીધાં. | ૫૫ થી ૫૬ |
| ૧૧. | પિતા પુત્રની કાળજી લે તે રીતે મુંબઈના ડૉ. યોગીન દવેની ટીકીટ અને રીઝર્વેશન કરાવ્યું. | ૫૬ |
| ૧૨. | ગોવિંદસિંહ ચુડાસમાના ભોજનની ચિંતા કરતા મંદિરથી ટિફીન મોકલતા. | ૫૭ |
| ૧૩. | સારંગપુરમાં મચ્છરોનો ત્રાસ વધતાં હરિભક્તો માટે મચ્છરદાનીની વ્યવસ્થા કરી. | ૫૭ |
| ૧૪. | માતા બાળકની સંભાળ લે તે રીતે હરિભક્તોની સંભાળ લેતા સ્વામીશ્રી - કોને શું ભાવે ? શું ગમશે ? તે મુજબ વ્યવસ્થા કરાવે. - ચાલુ ગાડીએ ડ્રાઈવીંગ કરનાર ઈન્દ્રવદનભાઈને ચટણીમાં બોળીને મેંદુવડા ખવડાવ્યા. | ૫૭, ૫૮ |
| ૧૫. | પરદેશથી મંદિરોમાં ફોન કરી સૌની ખબર પૂછતાં. અમદાવાદ ગૌશાળામાં કામ કરતા રાયચંદ ભરવાડ સાથે વાત. | ૫૮ |
| ૧૬. | અટલાદરામાં આદિવાસી 'કીડીયા' ને પ્રેમથી બોલાવ્યો. | ૫૮ |
| ૧૭. | 'ભૂતનાથ' પાડાના મરણના સમાચાર સાંભળી તપોધન ભગત અને આરુણી ભગતને લખેલો આશ્વાસન પત્ર. | ૫૯ |

**૨. મૂક પ્રાણીની મદદે સ્વામીશ્રીની કરુણા :**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા | ૮૮ |
| ૨. | પશુપાલકોને સ્વામીશ્રીએ આપેલી હૈયાધારણ. | ૮૯ |
| ૩. | ગોંડલમાં સૌ પ્રથમ ૩૫૦ ઢોરનો કેટલ કૅમ્પ શરૂ કર્યો. | ૯૦ |
| ૪. | રતનપુરમાં તાત્કાલીક છ ખટારા ઘાસ મોકલ્યું. | ૯૦ |
| ૫. | સ્વામીશ્રીની હૈયાની વ્યથા અને મંથન | ૯૦-૯૧ |
| ૬. | કેટલ કેમ્પ સ્થાપવાની યોજના - ઢોરોને પૂરતી સગવડ | ૯૧ |
| ૭. | બોચાસણમાં શરદપૂર્ણિમાની સભામાં ઢોરો માટે ઘાસચારાની માગણી | ૯૨ |
| ૮. | ધ્યાન, ભજન, માળા આ બધું જ અત્યારે ઢોરોની સેવામાં જ છે. - સંતોને સ્વામીશ્રીની હાકલ | ૯૨ |
| ૯. | સંતો આજ્ઞાથી જ્યાં જાય ત્યાં બધાને અન્નકૂટની સેવાનું ફળ મળી જશે. | ૯૩ |
| ૧૦. | 'મારે તો લાખ ઢોર રાખવા છે'. હું ૩૦૦ સંતો કામે લગાડીશ. પશુઓનું દુઃખ તો જુઓ. | ૯૩ |
| ૧૧. | બીજી સંસ્થામાં આપેલા દાનનો નિષેધ ન કરવો. | ૯૩ |
| ૧૨. | બોટાદ, અમરેલી, ગઢડાની પાંજરાપોળોમાં ખાસ મદદ કરજો - મુંબઈના શ્રેષ્ઠીને સ્વામીશ્રીની સલાહ | ૯૩ |
| ૧૩. | એણે ભલે ને બડિયા લીધા, એણે એની ભૂંડાઈ ના તજી તો આપણેય ભલાઈ શું કામ તજવી ? | ૯૪ |
| ૧૪. | 'આપણે ઢોર રાખીએ છીએ એમાં કાંઈ ઉપકાર કરતા નથી' - સંતો - યુવકોને સ્વામીશ્રી | ૯૪ |

૧૫. ઢોર પરત કરતી વખતે બે માસ ચાલે તેટલું ઘાસ, ચણાની ફોતરી, ઘઉંના ભૂસા અને બાજરીના પૂળાની વ્યવસ્થા કરી આપી. ૯૫
૧૬. વાતાનુકૂલિત કેટલ કેમ્પ ૯૬
૧૭. દિવસમાં બે વાર ઢોરોને સ્નાન ૯૬
૧૮. ઢોરોની યોગ્ય ચિકિત્સાની વ્યવસ્થા ૯૭
૧૯. પશુમાલિકોની મંજૂરી સાથે ઢોરોના ઓપરેશનની વ્યવસ્થા, રોગ પ્રતીકારક રસી મૂકવાની વ્યવસ્થા ૯૭
૨૦. બીમાર પશુને અલાયદા વોર્ડમાં - પરત જતી વખતે ઢોરને પરાણે ટ્રક પર ચઢાવવું પડતું. ૯૮

**૩. સૌના પૂજ્ય છતાં નિર્માની સ્વામીશ્રી :**

૧. જ્યારે પ્રમુખપદે નિમાયા ત્યારે જ વાસણ ઉટકવા બેસી ગયા. ૮૩
૨. નૈરોબી એરપોર્ટ પરથી જ પાછા મુંબઈ કોઈ ક્ષોભ નહિ. ઉપરથી હાસ્ય રસની છોળો. ૮૩
૩. દરેકને નમે - નમવાથી મોટપ ઘટતી નથી. - સેવક રહેવાની જ આકાંક્ષા. ૮૪
૪. લંડનમાં શ્રી પરમારના કડક શબ્દોના પત્રનો પણ ખૂબ સાલસતાથી જવાબ. ૮૪
૫. સુર્વણતુલાને દિવસે જ સાંજે થયેલ અપમાન પણ પચાવી લીધું - જમાડીને એ ભાઈને મોકલવાની આજ્ઞા. ૮૪-૮૫
૬. ગોંડલમાં અન્ય સંપ્રદાયના સંતો ગાદી પર બિરાજ્યા હતા. તો પોતે નીચે સંતો સાથે બેસી ગયા. ૮૫
૭. અહં શૂન્ય - બગડેલી મોટરને ધક્કા - સંડાસની ગંદકી સાફ કરવી - પૂરી તળવા બેસી ગયા - સેવક પ્રગટ ભગતની આંગળી પાકતાં તેમના ધોતિયા ધોઈ દીધાં - સેવકની ૨રૂ.ની રેલ્વે ટીકીટ માટે ડબ્બે ડબ્બે ફર્યા ૮૬
૮. પોતાનું ગાદલું ગોદડું અન્યને આપી દેવું - તેમના શબ્દો સહન કરવા. ૮૭
૯. ઝેર આપવાનો પેંતરો રચનારને પણ વૃધ્ધાવસ્થા સુધી સાચવ્યા - જેલમાં મોકલવાની ધમકી આપનાર પ્રત્યે પણ ઉદારતા દાખવવી તે જ નિર્માનીપણાની પરાકાષ્ટા - પંચવર્તમાનનું લોહીના લય સાથે જ વહેવું તે આ જ - લોહીમાં પંચવર્તમાન વણાયેલ છે. ૮૭

**પ્ર.૨ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે ઓછામાં ઓછા પાંચ પ્રસંગો હોવા જરૂરી છે.**

**૧. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રમુખસ્થાને :**

૧. પૂર્વ ભૂમિકા ૨૭
૨. પ્રમુખવરણી દિનની પ્રતિજ્ઞા ૨૮
૩. સુંદલપુરામાં હાર્ટએટેક - વડોદરા જતાં આચાર્ય સ્વામી અને બે સંતોને આજ્ઞા. ૫૧
૪. કલકત્તામાં રાજેન્દ્રને મળવા માટેની ઉતાવળ ૫૪
૫. દોલતભાઈને મળવા ગોંડલથી મુંબઈ ૫૫
૬. પ્રયાગમાં સૌરાષ્ટ્રના ત્રણ હરિભક્તોને તમામ નાસ્તો આપી દીધો. ૬૧
૭. ત્રિગુણભાઈને પત્ર ૬૩
૮. ભરવાડણ બાઈની લાગણી પોતાના ધર્મમાંથી સહેજ પણ ચળ્યા વગર ભગવાનના દર્શન કરાવી પૂરી કરાવી. ૬૫
૯. સૌરાષ્ટ્રના એક ગામે હરિભક્તને પાલો બાજરો દળી આપ્યો. ૬૫
૧૦. દ્વેષી સંતની અંત સમય સુધી સંભાળ ૬૭
૧૧. રાત-દિવસ જોયા વગર વિચરણ ૬૮
૧૨. કેટલ કૅમ્પની પ્રવૃત્તિ ૮૯
૧૩. અક્ષરધામનું નિમાર્ણ ૧૫૯
૧૪. યોગી શતાબ્દી ૧૬૨

**૨. જોબનપગીની જેમ રામસંગબાપુ અને રિશુભાનું કરેલ પરિવર્તન :**

૧. પૂર્વભૂમિકા ૧૭૦
૨. રામસંગબાપુ :- દારૂ માંસની મહેફિલો, ખૂન, માથાભારે ટોળકીના સરદાર. પોલીસ કાંઈ કરી ન શકે. ૩૦ વર્ષ સુધી આવી પ્રવૃત્તિમાં રત - સ્વામીશ્રીની તેમના ઘેર પધરામણી જીવન પરિવર્તન - રોજની એકાવનમાળા, રવિસભામાં નિયમિત હાજરી, અંતકાળે મહારાજની મૂર્તિ આગળથી હઠવું જ નહિ, અનશન આદરી મહારાજનું ધ્યાન ધરતાં દેહનો ત્યાગ ૧૭૧-૧૭૨
૩. રિશુભા : તળાજા પંથકના - સમાંતર સરકાર ચાલે નશામાં ટાયરને સાપ સમજી કરાવેલો અગ્નિ સંસ્કાર. - સ્વામીશ્રીની પધરામણી પ્રેમભરી વાણીથી સંપૂર્ણપણે વ્યસન મુક્ત થઈ ચુસ્ત સત્સંગી થયા. ૧૭૨

**૩. કર્મઠ છતાં હળવાફૂલ સ્વામીશ્રી :**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા | ૧૧૬ |
| ૨. | આ તો ગમે ત્યારે ગમે તે ગમ્મત કરીએ વાંધો ન આવે : બ્રહ્મવિહારી સ્વામીના પ્રશ્નનો જવાબ | ૧૧૭ |
| ૩. | સંતો સાથે છૂક.....છૂક ગાડીનો પ્રસંગ | ૧૧૭ |
| ૪. | 'વોકિંગનો સમય પૂરો થયો' - બ્રહ્મપ્રકાશ સ્વામીને ઠેકીને નીકળી ગયા. | ૧૧૮ |
| ૫. | રયા ગઢવી, ભલુ આવી ? જગન પૂરો, ભરવાડની હવા ખાવાની વાત, પટલાણીએ ઘરેણાં અને પટેલે ઘોડી ખોઈ. પ્રવચનને હળવું, રસભર્યું અને આનંદમય બનાવે છે. | ૧૧૯ |

**૪. યોગીજી મહારાજની આજ્ઞા - અનુવૃત્તિના માલમી સ્વામીશ્રી :**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા : શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા. | ૪૪ |
| ૨. | નિંગાળા મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ગોંડલથી પત્ર આવતાં ગોંડલ જવા રવાના | ૪૫ |
| ૩. | યોગીજી મહારાજની ૭૬મી જન્મજયંતિ યોગીજી મહારાજની ઈચ્છાનુસાર ગોંડલ ઉજવવાનો નિર્ણય કર્યો. | ૪૬ |

**(વિભાગ : ૨ 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃતિ, માર્ચ, ૨૦૦૬ ના આધારે)**

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. પુરુષોત્તમે કહેલ અક્ષરનો મહિમા અને ઓળખાણ :**

| | | |
|---|---|---|
| ૧. | આ મૂળજી ભક્તે તો અમને અખંડ ધારી રાખ્યા છે. -પીપલાણામાં દીક્ષા પ્રસંગે સહજાનંદ સ્વામી | ૧/૩૬ |
| ૨ | આ મૂળજી તો ગુણથી અતીત છે. અને અમારે રહેવાનું સાક્ષાત્ ધામ છે. રામાનંદ સ્વામીને | ૧/૩૭ |
| ૩ | આ તો અમારા જૂના મિત્ર છે. (અલૈયામાં મૂળજીને મળતી વખતે મહારાજે આપેલી મૂળજીની ઓળખ) | ૧/૪૩ |
| ૪ | કાળનું તમારી પાસે કાંઇ ઊપજતું નથી.(કાળને ગરદન મારવાના મૂળજીના પ્રશ્નનો શ્રીહરિએ આપેલો ઉત્તર) | ૧/૪૪ |
| ૫ | તમારા આ ગામમાં અમારું અક્ષરધામ આ મૂળજી ભક્તરૂપે પ્રગટ થયા છે. - ભાદરામાં વશરામભાઈને કીડીઓના પ્રસંગે | ૧/૫૦ |
| ૬ | ભાદરાના ભક્તોની હાજરીમાં સાકરબાને મહારાજે કહેલો મૂળજીનો મહિમા | ૧/૫૪ થી ૬૨ |

**૨. પરમહંસોમાં મૂઠી ઊંચેરા ગુણાતીતાનંદ સ્વામી :**

| | | |
|---|---|---|
| ૧ | નવદિક્ષીત સાધુની ત્યાગની છટા, કલ્યાણનો ખપ, મહારાજની આજ્ઞા પાળવાની દૃઢતા (જમીન પર સૂઈ ગયા.) | ૧/૭૬ |
| ૨ | મહારાજના દર્શન કે કથામૃતનો એક પણ પ્રસંગ જવા દેતા નહિ. | ૧/૭૭ |
| | - સદાય મહારાજની મૂર્તિ દર્શનનાં જ ભૂખ્યા.- પાકના લાડુનો ત્યાગ | ૧/૧૧૭ |
| | - મહારાજનાં દર્શન સારુ પાછા પગે દોડ્યા | ૧/૧૧૬ |
| | - મહારાજનાં દર્શનની આસક્તિ(નેવા નીચે વરસતાં વરસાદમાં ઊભાં રહ્યાં તે પ્રસંગ) | ૧/૭૯ |
| | - સ્વામીનો ઈશક(દર્શન અને કથા) | ૧/૭૭,૭૮ |
| | - મહારાજની મૂર્તિના દર્શન સિવાય બીજો સંકલ્પ ન હોવાથી મહારાજે પ્રસાદી આપી. | ૧/૧૫૬ |
| | - આંતર-બાહ્ય સમગ્ર ઈન્દ્રિયો મહારાજના સ્વરૂપમાં કેન્દ્રીત- મહારાજનું બળ(તોરાનો પ્રસંગ) | ૧/૧૨૩ |
| | - 'અહો ! શું કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ.' મહારાજના દર્શન થાય તે જ મુદ્દો | ૧/૧૨૫ |
| ૩ | એવા સદ્ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે | ૧/૮૩ |
| ૪ | દૃષ્ટિ સંયમ - સૂરતમાં દરરોજ ઝોળી માગવા છતાં ઉપવાસ ન પડતો. | ૧/૮૪ |
| ૫ | સંયમ દૃષ્ટિવાળા તો તમે એક જ.(નીલ વાંદરું) | ૧/૮૫ |
| ૬ | તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય?(સ્વામીને તો નિરંતર મહારાજ પ્રત્યક્ષ જ ) | ૧/૮૫ |
| | - ભૂખ્યા સંતોને મહારાજના દર્શન કરાવ્યા. | ૧/૧૯૦ |
| | - શિવાનંદ સ્વામીને ચરણરજ આપી, પાણી પાયું. | ૧/૧૮૭ |
| ૭ | આ ગુણાતીતને બાવીસવાર મળતાં કઠણ ન પડ્યું. | ૧/૯૧ |
| ૮ | આ સાધુ તો અમારા ઘરરૂપ છે. (વરજાંગ જાળિયામાં રત્નાબાઇને) | ૧/૯૨ |
| ૯ | એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો જ લે છે.(ગોવાળ મંડળી) | ૧/૧૦૦ |
| ૧૦ | રંગ છે સ્વામી ! તમે મારું વચન હેઠું પડવા દીધું નહિ.(કારિયાણીમાં માંદા સંતોની સેવામાં) | ૧/૧૦૨ |

| | | |
|---|---|---|
| ૧૧ | ઊગાખુમાણના દ્વેષ સામે દીકરો થાય તેવો સંકલ્પ. | ૧/૧૦૬ |
| ૧૨ | કૃપાનંદ સ્વામીના મંડળમાં સ્વામીંશ્રીની સેવાઓ. | ૧/૧૦૮ |
| ૧૩ | જેવી અમારી સેવા અક્ષર કરે છે અને મહિમા સમજે છે તેવું બીજું કોઈ કરી શકતું નથી.(વરસાદમાં ધાબળો ધર્યો) | ૧/૧૧૧ |
| ૧૪ | ઉમરેઠમાં ઊભા ઊભા કીર્તન ભક્તિ. | ૧/૧૧૬ |
| ૧૫ | હવે તમે બધા જો બ્રહ્મ હો તો આ પ્રકાશ સમાવી દો.- મહેમદાવાદ | ૧/૧૫૪-૧૫૫ |
| ૧૬ | વિશ્વરૂપાનંદ સ્વામી સ્વામીશ્રીની પ્રભાથી દબાઇ ગયા. | ૧/૧૨૬ |
| ૧૭ | 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' જુઓ, અમારા તિલક. | ૧/૧૨૭ |
| ૧૮ | આ સાધુ અમારા અંતરનું જાણી ગયા.(કીર્તન બદલ્યું.) | ૧/૧૨૮ |
| ૧૯ | મહારાજની આજ્ઞાથી બે માસ સુધી બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં અંર્તવૃત્તિ કરી વાતો કરી. | ૧/૧૩૬ |
| ૨૦ | આ સાધુ તો બહુ સમર્થ છે. કાં જે સાણસામાં સાપ પકડે તેમ આ સાધુએ અમારી મૂર્તિ પકડી છે. | ૧/૧૩૯ |
| ૨૧ | 'એમનું સામર્થ્ય તો અપાર છે. તે અમે જ્યારે નહિ હોઈએ ત્યારે જણાશે.' ચાર પરમહંસોની વિશેષતા છતી કરી. | ૧/૧૩૪ |
| ૨૨ | સ્વામીના અમે નિરંતરના જામીન છીએ. | ૧/૧૬૫ |
| ૨૩ | જેટલો અમારે અને એમને સંબંધ છે એટલો બીજાને નથી.(નાજા જોગિયાને) | ૧/૧૬૮ |
| | - અમે આ ગુણાતીતાનંદ સ્વામી જેવાની માળા ફેરવીએ છીએ.(નાજા જોગિયાને) | ૧/૧૬૮ |
| ૨૪ | આ સાધુ જે અમારું સર્વસ્વ છે, તે તમારા સોરઠ દેશને અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. | ૧/૧૭૦ |
| ૨૫ | 'હું જેવો અનાદિ પુરુષોત્તમ છું તેવા જ આ સાધુ અમારે રહેવાના અક્ષરધામનો અવતાર છે.' જૂનાગઢના નવાબને | ૧/૧૮૨ |
| ૨૬ | એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. | ૧/૧૯૧ |
| ૨૭ | ધામ વગર એકલા ધામીની પૂજા અધૂરી ગણાય. | ૧/૨૦૨ |
| ૨૮ | હું તો તમારામાં અખંડ રહ્યો છું. | ૧/૨૦૭ |
| ૨૯ | 'આવા ફકીર તો આખી દુનિયામાં દેખ્યા નહિ.' - માણાવદરના નવાબ | ૧/૨૨૫ |
| ૩૦ | 'તે તો સર્વજ્ઞ, સર્વદક્ષ અને ધન્વંતર વૈદ્ય જેવા છે.' - ગોપાળાનંદ સ્વામી | ૧/૨૬૬ |
| ૩૧ | તમો ખરા ચક્રવર્તી છો, અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો.હવે તમે અક્ષર સાચા- ઘનશ્યામદાસ સ્વામી | ૧/૨૮૨ |
| ૩૨ | 'સાલાપોલાને તેમની વાતુનો મરમ હાથમાં ન આવે.' ઘનશ્યામદાસ - માધવચરણદાસને | ૧/૨૮૩ |
| ૩૩ | 'મને તો સિદ્ધોના પણ સિદ્ધ મળ્યા છે.' લોધિકાના દરબાર અભેસિંહ - દેહાચારણને | ૧/૨૮૭ |
| ૩૪ | 'અહોહો ! સ્વામી તો શ્રીજીમહારાજે જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા.' નિત્યાનંદ સ્વામી | ૧/૨૯૫ |
| ૩૫ | ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી ત્યાગ - વૈરાગ્યની ખુમારી ચડે છે. - વરતાલ છાવણીમાં ભંડારી નારાયણદાસ.- આચાર્ય રઘુવીરજી મહારાજને | ૧/૩૭૦ |
| ૩૬ | 'શ્રીજી મહારાજ છતાં સત્યુગ વર્તતો હતો એવો આજ સ્વામી પાસે વર્તે છે.'- બાપુ રતનજી | ૧/૩૯૨ |
| ૩૭ | 'જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું, તો હું ગુણાતીત નહિ.'-સ્વામીશ્રી રઘુવીરજી મહારાજને | ૧/૪૦૨ |


**૩. બ્રહ્મસ્થિતિના ઘડવૈયા ગુણાતીતાનંદ સ્વામી :**


| | | |
|---|---|---|
| ૧ | ગોરવીઆની ગામના ભાયા અને રૂડો તથા તેના ભાણિયા | ૧/૨૧૩-૨૧૪ |
| ૨ | બેચરભાઈ જૈન પદનો ત્યાગ કરી સત્સંગી બને છે. | ૧/૨૨૨ |
| ૩ | હામાપરના કરસન બાંભણિયાની સેવા | ૧/૨૨૩ |
| ૪ | માણાવદરના નવાબની પ્રાર્થના | ૧/૨૨૫ |
| ૫ | આખાના સવજી મહેતા સત્સંગી થાય છે. | ૧/૨૩૦ |
| ૬ | લાલાભાઈને ઇન્દ્રે દર્શન દીધા. | ૧/૨૭૮ |
| ૭ | દરબાર અભયસિંહ - દેહા ચારણ | ૧/૨૮૭-૨૮૮ |
| ૮ | વંથળીના કલ્યાણભાઈ | ૧/૨૯૭ |
| ૯ | સાધુ ભગવાનદાસની અલૌકિક સ્થિતિ | ૧/૨૯૯ |
| ૧૦ | મુંજા સુરુનું પરિવર્તન | ૧/૩૦૫ |
| ૧૧ | વાલેરા વરુની અડગ ટેક | ૧/૩૧૨ |
| ૧૨ | મારે એક જીવ હતો એ સ્વામીમાં જોડ્યો છે. | ૧/૩૨૯ |

| | | |
|---|---|---|
| ૧૩ | ભજન કરતાં ક્રિયા કરો. | ૧/૩૪૨ |
| ૧૪ | જાગા ભક્તને વચનામૃતોનો અધિકાર | ૧/૩૪૭-૩૪૮ |
| ૧૫ | કૌવૈયાના રાધા ભક્ત | ૧/૩૮૮- ૩૮૯ |
| ૧૬ | બાપુ રતનજી સ્વામીના સમાગમમાં જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહી. | ૧/૪૦૨ |
| ૧૭ | ચાર હરિભક્તોના દર્શન કરવા જાઉં. | ૧/૪૦૬ |
| ૧૮ | સાક્ષાત્ શ્રીજીમહારાજનું દર્શન પણ આ ફૂલમાં આવી ગયું. | ૧/૪૨૦ |
| ૧૯ | વાઘજીભાઈને ઉપાધિ | ૧/૪૨૯ |
| ૨૦ | બ્રહ્મવિદ્યાના ભણનારા | ૧/૪૫૦ |
| ૨૧ | બાપુ ! અહીં બેઠા લોધિકાનું કામ નહિ થાય. | ૧/૪૮૩ |
| ૨૨ | બેચર બગત | ૧/૪૮૭ |
| ૨૩ | બગલીઓ બળદ | ૧/૫૦૨-૫૦૩ |
| ૨૪. | નાગર ભક્તનો રસાસ્વાદ ટાળ્યો | ૧/૫૦૪ |
| ૨૫ | તું જમપુરીને ખોટી જાણી આજ્ઞા લોપે છે. | ૧/૫૧૪-૫૧૫ |
| ૨૬ | સૂરજ ફરે પણ હું ન ફરું | ૨/૨૯૯ |

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીનો દર્શનનો ખપ :**

| | | |
|---|---|---|
| ૧. | મહારાજના દર્શન કે કથાવાર્તાનો એક પણ પ્રસંગ જવા દેતા નહિ.(સ્વામીશ્રીનો ઈશક) | ૧/૭૭, ૭૮ |
| ૨ | વરસતાં વરસાદમાં નેવા નીચે. | ૧/૭૯ |
| ૩ | મહારાજની મૂર્તિના દર્શન સિવાય બીજો સંકલ્પ ન હોવાથી મહારાજે પ્રસાદી આપી. | ૧/૧૫૬ |
| ૪ | ‘અહો ! શું કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ’ ! મહારાજના દર્શન થાય એજ મુદ્દો. | ૧/૧૨૫ |
| ૫ | મહારાજની મૂર્તિના દર્શનના જ ભૂખ્યા સ્વામીશ્રીએ પાકનો લાડુ જોડના સ્વામીને આપી જોડમાં દોડ્યા. | ૧/૧૧૭ |

**૨. ગુણાતીતાનંદ સ્વામીના સંતો : બાલમુકુંદદાસજી, યોગેશ્વરદાસજી**

**૧. બાલમુકુંદદાસજી :** સંવત ૧૮૮૭ કાલેજ ગામમાં જન્મ - પિતાનું નામ - જીવણ શેઠ - માતાનું નામ મીઠીબા પૂર્વાશ્રમનું નામ ગોવર્ધનભાઈ હતું - ગોપાળાનંદ સ્વામીની ભવિષ્ય વાણી - ગુણાતીતાનંદ સ્વામી થકી દીક્ષા પામી વડતાલ દેશનો સત્સંગ સમાવેશ - રઘુવીરજી મહારાજે આપેલી ભાગવતી દીક્ષા - દીક્ષા લઈ તુરંત ગુણાતીતાનંદ સ્વામી પાસે - સ્વામીશ્રી હાથ જોઈને બોલ્યા ‘આ આયુષ્ય તો એક દિવસનું પણ નથી પણ બીજાના મોક્ષ માટે ઘણાં વર્ષ સત્સંગમાં રાખવા છે.’ સ્વામીશ્રીએ મંડળ બાંધી આપ્યું. ‘કોઈ મંદિરના અધિકારમાં પેસશો નહિ. ને તમો તો અધિકાર નહીં કરો તો પણ સર્વે મંદિરના અધિકારીઓ તમને પૂછશે. સ્વામીશ્રીની આજ્ઞા મુંબઈ મંદિર કરવામાં અમૂલ્ય ફાળો. ભા.૧/૫૯૩,૫૯૪

| | | |
|---|---|---|
| ૧. | અમારી સેવા કરવા માંડશો એટલે અમારામાં પણ હેત થશે. | ૧/૩૩૬ |
| ૨. | તમામ ક્રિયા મહારાજની મૂર્તિ સંભારીને જ કરવી. | ૧/૩૩૭ |
| ૩. | એક મહિના સુધી તડકે ધ્યાનમાં બેસાડયા. | ૧/૩૩૭ |
| ૪. | દિવસે ન સૂવાનો ચાર્તુમાસમાં લીધેલો નિયમ. | ૧/૩૩૭ |
| ૫. | અમારે તમને શ્રીજીમહારાજની નિત્ય નવી લીલાની વાતુ રોજ કરવી. | ૧/૩૩૭ |
| ૬. | રાત્રે બાર પછી સૂતાં અને સવારે ચાર વાગે ઉઠી જતાં. | ૧/૩૩૭ |
| ૭. | સંસ્કૃત ભણવાની આજ્ઞા. | ૧/૩૩૮ |
| ૮. | વાસુદેવ માહાત્મયની કથા કરી. | ૧/૩૩૮ |

**૨. યોગેશ્વરદાસજી :** કેરિયા ગામમાં જન્મ - પૂર્વાશ્રમનું નામ પ્રેમજીભાઈ - પિતાનું નામ કરસનભાઈ -માતાનું નામ હરબાઈ - કેરિયાની પાદરે શ્રીજીમહારાજના દર્શન ભાણો સગર દ્વારા પ્રગટ ભગવાનના ભજનથી જ કલ્યાણની વાત સાંભળી - ગિરનારની યાત્રાએ - ગુણાતીતાનંદ સ્વામી પ્રભુ ઉપર છે કે હેઠે છે તે કોઈ જાણે છે ? ગુણાતીતાનંદ સ્વામી સાખી બોલ્યા - ‘કોઈ કહે હરિ હો ગયા, કોઈ કહે હોવન હાર; મુક્ત પ્રગટ કી પ્રીછ બીન ભટકત સબ સંસાર.’ - આ સાંભળી સ્વામીશ્રી પાસે જ રહેવાનો નિર્ણય - ચાર પાંચ વખત પિતા પાછા લઈ ગયા - લગ્ન કરાવ્યા - એક મહિના સુધી સાથે રહેવા છતાં સ્ત્રીનો સ્પર્શ ન કર્યો - પત્નીના કહેવાથી માતા-પિતાએ આપેલી રજા - સવંત ૧૯૦૦

માં રઘુવીરજી મહારાજના હસ્તે દીક્ષા - યોગેશ્વરદાસજી નામ ૧/૫૯૫થી ૫૯૭

**૩. વાલેરા વરુનું પરિવર્તન :**

| | | |
|---|---|---|
| ૧. | ગરાસની ઉપજ ન મળતાં વાલેરા વરુ બહારવટે ચડી વસ્તીને રંજાડવા લાગ્યો. | ૧/૩૦૭ |
| ૨. | વાલેરાની વિતક સમજી સાત દિવસમાં ગરાસ પાછો મળશે તેવા આશીર્વાદ આપ્યા. | ૧/૩૦૯ |
| ૩. | મારો ગરાસ મળે પછી તમને મારે કયાં ગોતવા ? | ૧/૩૧૦ |
| ૪. | ગરાસ મળતાં માનતા રૂપિયા બે હજાર લઈ વાલેરા વરુ અને સાથીદારો જૂનાગઢ સ્વામી પાસે. | ૧/૩૧૦ |
| ૫. | 'સ્વામી તમારુ ઘર બતાવો'. વાલેરાને સમાધિ. - ભાગમાં મળેલા ગરાસમાં પાણીની તંગી સ્વામીશ્રીએ દૂર કરી. | ૧/૩૧૧ |
| ૬. | કૃપાનંદ સ્વામી અને સંતોને મામૈયા વરુએ જમાડયા એ પુણ્યથી વાલેરાને સ્વામીનો જોગ. | ૧/૩૧૨ |
| ૭. | તુલસીશ્યામમાં અપાતું માપુ વાલેરા આપતા ન હતા. | ૧/૩૧૩ |
| ૮. | તમે બહુ દંડ કરશો તો મને નાતબારો કરશો - અડગ વાલેરા. | ૧/૩૧૩ |

**૪. ગોપાળાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમાઃ**

| | | |
|---|---|---|
| ૧. | 'જુઓ આ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ અહીં પધાર્યા છે તેમને ગ્રહણ નડતું નથી.'વડોદરાના શોભારામ શાસ્ત્રીને | ૧/૨૩૩ |
| ૨. | મારું કહ્યું તો એ જ ફેરવી શકે. | ૧/૨૪૩ |
| ૩. | અહો! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ. | ૧/૨૪૪ |
| ૪. | ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો. | ૧/૨૬૬ |
| ૫. | ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં ભાદરાના ભક્તો પાસે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહેવરાવે છે. | ૧/૨૬૭થી૨૬૯ |
| ૬. | કેશવજીવનદાસને સ્વામી અક્ષર છે તે સમજાવે છે. | ૧/૨૭૫,૨૭૬ |
| ૭. | પેટ ભરીને પૂરેપૂરી વાતો જૂનાગઢમાં થાય છે. ગોપાળાનંદ સ્વામી. | ૧/૨૭૮ |
| ૮. | ભોયકાના માલજી સોનીને કરાવેલી અક્ષરધામની ઓળખાણ. | ૧/૩૦૩,૩૦૪ |
| ૯. | 'સ્વામી જેવા સમર્થ કોઈ સાધુ નથી. એ તો મૂર્તિમાન અક્ષરધામ છે'.- અંતિમ મંદવાડમાં શિવલાલ શેઠને. | ૧/૩૧૬ |
| ૧૦. | 'આ ટાણે તો શ્રીજીમહારાજ સામે કાં જૂનાગઢ જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વિરાજે છે. તેમના સામું દૃષ્ટિ જોઈએ.' અંતિમ સમયે ગોપાળનંદ સ્વામી. | ૧/૩૧૭ |
| ૧૧. | પ્રાગજી! તું જૂનેગઢ જજે મેં તને જે જે કોલ આપ્યા છે. તે જૂનાગઢના જોગી બધા કોલ પૂરા કરશે. | ૧/૩૧૮ |
| ૧૨. | સ્વામીશ્રી ગોપાળાનંદ સ્વામીનો સિગરામ હાંકે છે. | ૧/૨૭૭ |

**(વિભાગઃ ૩ નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૫ નીચેનામાંથી કોઈ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. ના વિકાસમાં સાધુતા :**

**૧.** સંસ્થાના વિકાસમાં સાધુતા મુખ્ય - કોઈપણ સંસ્થા કે સંપ્રદાયના વિકાસ માટે તેના નેતા - મહંત, ગુરુ કે સંતની સાધુતા એ આગવું લક્ષણ. **૨.** B.A.P.S. ના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજની સાધુતા અજોડ - ગુણાતીત સંતની પરંપરામાં જ સાધુતા મુખ્ય ગુણ પ્રસંગો **૩.** સાધુતામાં મુખ્ય બે ગુણ - પંચવર્તમાન અને સહિષ્ણુતા - પંચવર્તમાનના પાલનમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજની દૃઢતા એવી કે એક તલ માત્ર કસર તેમાં ન જણાય. પ્રસંગો - ત્રણે ગુરુવર્યોના પંચવર્તમાનની દૃઢતાના પ્રસંગો લઈ શકાય. **૪.** બીજો ગુણ સહિષ્ણુતા - સાધુતાના શિરમોર સમો આ ગુણ પરંપરામાં યથાર્થ રીતે જણાઈ આવે છે. (ઈસણાવ કેસમાં જૂના મંદિરના સંતોની ફાઈલ મુજબ રજૂઆત કરવાની શાસ્ત્રીજી મહારાજે ના પાડી દીધી કેસ હારી જઈએ પણ 'સ્વામિનારાયણ'નું નામ લેશ માત્ર ગૌણ થાય તે શાસ્ત્રી મહારાજને યોગ્ય લાગ્યું નહિ.) અજાતશત્રુતા - મૂઠી ઉંચેરા, યશકલગી સમી સાધુતા - અન્ય પ્રસંગો. **૫.** ચારિત્ર્ય એ સાધુતાની શક્તિ - ગમે તેટલું અપમાન, માનસિક ત્રાસ, સમાચારપત્રોમાં ગમે તેવાં લખાણો લખાય, પ્રચાર થાય પરંતુ સ્વામીશ્રી સ્થિર, ગંભીર, ધીર, શાંત (પ્રસંગો) - સ્વસ્થ - ગુરુવર્યોની આ સાધુતા એ જ સત્સંગને, સંસ્થાને નવખંડ ધરા પર, દરિયા પાર પહોંચાડ્યો. (પ્રસંગો)

**૨. વિદેશોમાં B.A.P.S.ના વિકાસમાં પ્રમુખસ્વામી મહારાજનું યોગદાન :**

**૧.** B.A.P.S. - બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના આદ્યસ્થાપક શાસ્ત્રીજી મહારાજ - ખૂબ ભીડો

વેઠીને પ્રચંડ પુરુષાર્થ કરીને સંસ્થાની સ્થાપના - નિર્ગુણસ્વામીએ પત્રો લખીને તથા શ્રીહરમાનભાઈ, શ્રીમગનભાઈએ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી વિદેશમાં સત્સંગના પાયા નાખ્યા. **૨.** યોગીજી મહારાજે વિદેશમાં ત્રણ ધર્મપ્રવાસ યોજીને સંસ્થાના વિકાસના પાયા મજબૂત કર્યા (પ્રસંગો) **૩.** પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ધર્મધુરા સંભાળ્યા બાદ અનેક વખત વિદેશમાં ધર્મપ્રવાસ - ઉત્તરોત્તર સંપ્રદાયનો ફેલાવો - આફ્રિકા - લંડનમાં, અમેરિકામાં સત્સંગનો સારો પ્રચાર - પ્રસાર (પ્રસંગો) **૪.** લંડનનું મંદિર, આફ્રિકાના હરિમંદિરો, શિખરબદ્ધ મંદિરો, અમેરિકામાં તેમજ વિદેશના અન્ય સ્થાનોમાં પણ હરિમંદિરો તથા શિખરબદ્ધ મંદિરોનું નિર્માણ **૫.** સત્સંગનો વ્યાપ વધતાં મંદિરોની જરૂરિયાત - મંદિરોનું નિર્માણ થવાથી અનેક ભક્તો, મુમુક્ષુઓ દર્શને આવે- સ્વામીશ્રીનું અણિશુદ્ધ વર્તન, સાધુતા પંચવર્તમાનની દૃઢતા, સ્વયંસેવકોની શિસ્ત, સંતો-હરિભક્તોનો સંપ વગેરેને કારણે મુમુક્ષુઓને આકર્ષણ (પ્રસંગો) **૬.** ઉત્સવો, સમૈયાઓ દ્વારા સ્વામીશ્રીએ અસહ્ય ભીડો વેઠીને સાધુતાથી હરિભક્તોને, મુમુક્ષઓને ખૂબ રાજી કરીને સંસ્થાના વિકાસમાં અપૂર્વ યોગદાન આપ્યું - સ્વામીશ્રીનું આ યોગદાન અજોડ - ઉપસંહાર

**૩. જીવનમાં સેવા અને કથાનું સંતુલન :**

**૧.** દરેક મનુષ્ય કોઈને કોઈ પ્રકારની સેવા કરતો જ હોય છે - માનવસેવા, દેશસેવા, સમાજસેવા, કુટુંબસેવા, સંસ્થાની સેવા - પરંતુ આ બધા પ્રકારમાં ભગવાન અને સંતની સેવા એ શ્રેષ્ઠ. **૨.** સેવા પણ ત્રણ પ્રકારની (૧) મનથી સેવા એટલે ભગવાન અને ભગવાનના સંતના ગુણ વિચારવા (૨) દેહે કરીને સેવા એટલે મંદિર, સંતની, ભગવાનની, સંસ્થાની સેવા - સફાઈ કરવી, સમૈયા-ઉત્સવમાં સેવા કરવી વગેરે (૩) વચને કરીને સેવા એટલે ભગવાન અને સંતના મહિમાની વાતો કરવી - ગુણ કહેવા - સેવા વિષે ભગવાન સ્વામિનારાયણ તથા ગુરુપરંપરાના ઉદ્‌ગારો, સેવાનો મહિમા - સેવાથી રાજીપો - પ્રસંગો. **૩.** સેવાની સાથે કથા એટલે કે જ્ઞાન જરૂરી - શ્રીજીમહારાજ પણ ભાગવતની તથા અન્ય પારાયણો પંડિતો પાસે કરાવતા - પોતે પણ કથામાં બિરાજતા - ગુરુપરંપરામાં પણ કથા કરવાનો તથા કથા સાંભળવાનો ઈશક - કથા વિષેના વચનો, કથાનો મહિમા - પ્રસંગો **૪.** સેવા કરવાથી અહં આવે - પરંતુ કથાવાર્તા સાંભળવાથી જ્ઞાન થાય તેથી અહં આવે નહિ. કથા સાંભળવાથી સેવાનો મહિમા સમજાય. સેવા અને કથાનું જીવનમાં સંતુલન હોય તો આગળ વધાય, અહં ન આવે, કોઈનો અભાવ- અવગુણ ન આવે, સ્વભાવો ઘસાય, દોષો ટળી જાય, ભગવાન અને સંતનો રાજીપો મળે, મહિમાથી સેવા થાય, કથાથી આપણો વિકાસ થાય (પ્રસંગો) - ઉપસંહાર.

❑ ❑ ❑